આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત
પેટર્ન યોજના અંતર્ગત કામોના આયોજન બાબત.

**ગુજરાત સરકાર**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**ઠરાવ ક્રમાંકઃ એનજીપી/૨૦૨૪/૨૬૩/પી**

**સચિવાલય, ગાંધીનગર**

**તા. ઈ-સાઇન મુજબ**

**વંચાણે લીધા:-**

1. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૩/૦૯/૧૯૯૭નો ઠરાવ ક્રમાંક:-ટીએપી/૧૦૯૨/૧૯૨૮/છ.
2. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૩/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: એન.જી.પી./૯૯૧૦/૪૪૫/૧૩૯/પી.
3. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૭/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: એન.જી.પી./૯૯૧૦/૪૪૫/૧૩૯/પી.
4. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૧૨/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: એન.જી.પી./૯૯૧૦/૪૪૫/૧૩૯/પી.
5. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: એન.જી.પી./૯૯૧૦/૪૪૫/૧૩૯/પી.
6. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૯/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: એન.જી.પી./૯૯૧૦/૪૪૫/૧૩૯/પી.
7. આદિજાતિ વિકાસ વિભાગનો તારીખ ૨૬-૦૩-૨૦૨૪નો પત્ર ક્રમાંક- TDD/0386/03/2024(File No. TDD/NGP/e-file/25/2023/1518/P (Planning) Section)
8. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૦/૧૦/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ.

**આમુખ:-**

રાજયમાં આદિજાતિ વિકાસના પ્રયાસોને વધુ અસરકારક અને વેગવંતા બનાવવા માટે ગુજરાત સરકારે ન્યુ ગુજરાત પેટર્ન યોજના વર્ષ ૧૯૯૭-૯૮ થી અમલમાં મૂકેલ છે. રાજયના ૧૪ જિલ્લાઓ, ૫૩ ટી.એસ.પી. તાલુકાઓ, ૫,૮૮૦ થી વધુ આદિજાતિ ગામોમાં ન્યુ ગુજરાત પેર્ટનની યોજનાની સુધારેલ નવી સૂચિત યોજનાનો અમલ કરવા બાબતે, યોજનાના મૂળ પ્રારૂપમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. આથી યોજનાની આખરી રૂપરેખા નક્કી થયેથી તે અંગેની સુચનાઓ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી વર્ષ: ૨૦૨૪-૨૫ ના કામોમાં વધુ વિલંબ ન થાય તે માટે અગાઉ નકકી કરેલ કામો પૈકી સામૂદાયિક વિકાસ અને અગત્યના કામોને અગ્રતાના ધોરણે આયોજનમાં લેવા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત નાણાકીય વર્ષ: ૨૦૨૪-૨૫ના આયોજન બાબત આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૮) ના ઠરાવથી સૂચનાઓ તથા અગ્રતાના કામો નક્કી કરવામાં આવેલ છે.

વર્ષ: ૨૦૨૫-૨૬ માટે નાણાં વિભાગ દ્વારા ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત જોગવાઈમાં વધારો કરી કુલ રૂ.૧૧૦૦.૦૦ કરોડની જોગવાઈની મંજૂરી આપવામાં આવેલ છે. આથી વંચાણે લીધા ક્રમાંક:(૮) ના ઠરાવમાં ફક્ત નાણાકીય વર્ષ: ૨૦૨૪-૨૫ માટે જ યોજના હેઠળ ફાળવેલ રકમમાંથી ઠરાવમાં જણાવ્યા મુજબના કામો અગ્રતાના ધોરણે હાથ ધરવા બાબત ઉલ્લેખ હોઇ, નાણાકીય વર્ષ: ૨૦૨૫-૨૬ના આયોજન માટે ઠરાવ પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષ:૨૦૨૫-૨૬ના આયોજન બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

1. નાણાકીય વર્ષ:૨૦૨૫-૨૬ માટે યોજના હેઠળ ફાળવેલ રકમમાંથી આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૮) માં દર્શાવેલ અગ્રતાના કામો મુજબ આયોજન કરવાનું રહેશે.
2. ઉક્ત નાણાકીય વર્ષ માટે ન્યુ ગુજરાત પેર્ટન હેઠળ અગ્રતાના કામો સિવાય યોજનાના અમલીકરણ બાબતે ઉપર સંદર્ભમાં જણાવેલ ઠરાવોની સુચનાઓ યથાવત રહેશે.
3. તમામ પ્રાયોજના વહીવટદારશ્રીઓએ તા.૧૦/૧૦/૨૦૨૪ ના ઠરાવમાં દર્શાવેલ અગ્રતા મુજબના કામોની દરખાસ્તો મેળવી, સંદર્ભ હેઠળના ઠરાવની જોગવાઈઓ મુજબ મંજુર કરાવીને, અમલીકરણ અંગેની કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાંનાકી ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: RATILAL HIRABHAI VASAVA
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 17-Apr-2025 (06:09 PM)

આર.એચ.વસાવા

**સરકારના સંયુક્ત સચિવ**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**ગુજરાત સરકાર**

પ્રતિ

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલાય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- તમામ વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રીઓ.
- નાણાં સલાહકારશ્રી(આ.વિ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી(આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- તમામ કલેક્ટરશ્રીઓ (કમિશનરશ્રી (આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી મારફત)
- તમામ પ્રાયોજના વહીવટદારશ્રીઓ (કમિશનરશ્રી(આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી મારફત)
- તમામ મદદનીશ કમિશ્નરશ્રીઓ (કમિશનરશ્રી(આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- તમામ અમલીકરણ અધિકારીશ્રીઓ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર

- સેક્શન અધિકારીશ્રી (બજેટ શાખા) આદિજાતિ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ (પ્રસ્તુત ઠરાવ વેબસાઇટ ઉપર મૂકવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઇલ

Signature Not Verified

Signed by:R H VASAVA
Joint Secretary
Date:2025.04.17
18:01:07 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign